# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA
NAAC Accreditation CGPA 3.25 Grade - 'A'

Website : www.spuvvn.edu Phone No. (02692) 226867, 226807


નં./ડી/બી/૨૦૨૧-૨૨/ ૭૬૪૩

એકેડેમિક વિભાગ

તા. ૧૧/03/૨૦૨૨

પ્રતિ,

(૧) વડાશ્રી,
અનુસ્નાતક વિભાગો
સરદાર પટેલ યુનિવર્સિટી
વલ્લભ વિદ્યાનગર.

(૨) આચાર્યશ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો
(આણંદ તથા ખેડા જીલ્લો)

વિષય: યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/વિભાગોમાં ઓફલાઈન/પ્રત્યક્ષ રીતે વર્ગખંડ શિક્ષણ ચાલુ કરવા બાબત.

સંદર્ભ: ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: પરચ/૨૦૧૮/૬૧/ખ-૧, તા.૨/૩/૨૦૨૨

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં જણાવવાનું કે લોકડાઉનમા વિભાગો/કોલેજોના રીઓપનીંગ માટે જણાવવામાં આવેલ છે તેમજ હાલમાં કોરોનાના કેસોમાં નોંધપાત્ર ઘટાડો થવાને લીધે તા; ૨૧/૨/૨૦૨૨ થી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના તમામ વિદ્યાર્થીઓની ૧૦૦% હાજરી સાથે શૈક્ષણિક કાર્યો ઓફલાઇન/પ્રત્યક્ષ રીતે શરૂ કરવાનું નિયત કરેલ છે આ માટે નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

(૧) તમામ ઉચ્ચ શિક્ષણ સંસ્થાના શૈક્ષણિક/બિનશૈક્ષણિક સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ ફેસ માસ્ક ફરજીયાત પહેરવાનો રહેશે તેમજ પરિસરમાં હેન્ડ વોશિંગ/સેનેટાઈઝેશન પોઈન્ટ પૂરતા પ્રમાણમાં રાખવાના રહેશે. વિભાગો/કોલેજોના સત્તાધીશોએ સતત મોનીટરીંગ દ્વારા રાજ્ય સરકારની વખતો-વખત બહાર પાડવામાં આવેલ Covid-19 નાં પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુસંગિક બાબતોનું ચુસ્તપણે પાલન થાય છે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. વધુમાં બધા વિદ્યાર્થીઓને વેક્સિન લેવા પ્રોત્સાહિત કરવાના પણ પ્રયત્નો કરવાના રહેશે.

(૨) હોસ્ટેલ,કેન્ટીન,મેસ વગેરે અગાઉ મુજબ પૂર્ણ ક્ષમતા સાથે શરૂ કરી શકાશે. જેમાં Covid-19 સંદર્ભે ઉચિત વર્તણૂક (Covid Appropriate Behaviour) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ આ અંગે રાજ્ય સરકારની Covid-19 સબંધિત વખતો વખતની માર્ગદર્શિકા/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૩) જરૂર જણાયે સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાને લઈને, વિભાગો/કોલેજોના સંચાલકોએ સ્થાનિક સત્તામંડળો સાથે સંકલન સાધી Covid-19 પ્રોટોકોલ સંલગ્ન તમામ આનુસંગિક બાબતોનું પાલન કરવાનું રહેશે.

(૪) આ સૂચનાઓ યુનિવર્સીટીની તમામ કોલેજો/વિભાગો ને લાગુ પડશે

ઉપરોક્ત સૂચનાઓ યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/વિભાગોને શિક્ષણ વિભાગ દ્વારા ઉપરોક્ત બાબતે અન્ય સૂચનાઓ પ્રસિદ્ધ ન થાય ત્યાં સુધી લાગુ પડશે.

બિડાણ ઉપર મુજબ.

કા.કુલસચિવ